RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 225 * Date: 05.06.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દેશમાં પહેલીવાર થશે જાતિ આધારિત વસ્તી ગણતરી, સરકારે જાહેર કરી બે તબક્કાની તારીખો




ભારતમાં ૧૫ વર્ષ બાદ ફરી એકવાર વસ્તી ગણતરીની પ્રક્રિયા શરૂ કરવાની મંજૂરી અપાઈ છે. આ વસ્તી ગણતરી બે તબક્કામાં શરૂ કરાશે. આ વખતની વસ્તી ગણતરીમાં જાતિ આધારિત વસ્તી ગણતરી પણ કરાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રથમ તબક્કામાં એટલે કે પહેલી ઓક્ટોબર ૨૦૨૬થી જે કેન્દ્ર શાસિત પ્રદેશો અને રાજ્યોમાં જાતિ આધારિત વસ્તી ગણતરી શરૂ કરાશે, જેમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ અને લદાખ જેવા પર્વતીય રાજ્યોનો સમાવેશ થાય છે. ત્યારબાદ બીજા તબક્કામાં પહેલી માર્ચ ૨૦૨૭થી મેદાની રાજ્યોમાં વસ્તી ગણતરી હાથ ધરાશે.

ભારત આઝાદ થયા બાદ પ્રથમવાર જાતિ આધારિત વસ્તી ગણતરી હાથ ધરાશે. વસ્તી ગણતરી સાથે જ જાતિની પણ ગણતરી કરાશે. ગત મહિને કેન્દ્ર સરકારે જાતિગત વસ્તી ગણતરી કરવા માટે મંજૂરી આપી હતી. સૌથી મહત્ત્વની વાત એ છે કે, ૧૯૩૧ બાદ અત્યાર સુધીમાં ભારતમાં ક્યારેય જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવી નથી. દેશમાં દર ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. દેશમાં છેલ્લે ૨૦૧૧માં વસ્તી ગણતરી કરાઈ હતી. ત્યારબાદ ૨૦૧૧માં વસ્તી ગણતરી કરવાની ચર્ચા હતી, પરંતુ કોરોના સમયગાળાને કારણે તે મુલતવી રાખવામાં આવી હતી. હવે સરકારે ૧૫ વર્ષ પછી ૨૦૨૬માં વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લીધો છે.દેશમાં ઘણાં સમયથી જાતિ આધારિત વસ્તી ગણતરીની માંગ કરાઈ રહી હતી, ત્યારે તેના પર આખરી મહોર વાગ્યા બાદ હવે તેની તારીખ પણ સામે આવી ગઈ છે. દેશને આઝાદી મળ્યા બાદ ૧૯૫૧થી ૨૦૧૧ સુધી સાત વખત અને ભારતમાં કુલ ૧૫ વખત વસ્તી ગણતરી કરવામાં આવી છે. વસ્તી ગણતરીમાં લઘુમતી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની પણ ગણતરી કરવામાં આવે છે, પરંતુ અન્ય જાતિની ગણતરી કરવામાં આવતી નથી.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં આવી, પરીક્ષામાં હાજર વિદ્યાર્થીઓને ગેરહાજર દર્શાવાયા હોવાનો આક્ષેપ

ગુજરાતની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અવાર-નવાર કોઈને કોઈ કારણોસર સતત વિવાદમાં રહે છે. આ વખતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યોજાયેલી પરીક્ષામાં હાજર વિદ્યાર્થીઓને ગેરહાજર દર્શાવવામાં આવતાં વિવાદ સર્જાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીકોમમાં અભ્યાસ કરતાં




અભિષેક ચાવડાએ આક્ષેપ કરતાં કહ્યું છે કે ચાલુ વર્ષે એપ્રિલ મહિનામાં બી.કોમની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં હું હાજર હતો તેમછતાં યુવનિવર્સિટીએ મને ગેરહાજર ગણાવ્યો છે. જેના પુરાવા મારી પાસે છે. આજથી ૧૫ દિવસ પહેલાં મેં યુનિવર્સિટીમાં રજૂઆત કરી હતી



## તંત્રી લેખ...

# વિદેશી બ્રોકિંગ હાઉસો ભારતના ઈક્વિટી બજારના આઉટલૂક મામલે સાવચેત

: વિદેશી બ્રોકિંગ હાઉસો ભારતીય શેર બજારો-ઈક્વિટી માર્કેટ માટે આગામી દિવસોમાં ટ્રેન્ડ સાવચેતીનો રહેવાનો અંદાજ બતાવવા લાગ્યા છે. બ્રોકિંગ હાઉસો પૈકી કેટલાકે તાજેતરમાં માર્ચ ૨૦૨૬માં નિફટીના તેના ટાર્ગેટને વધારીને મૂક્યા બાદ ફરી સાવચેત બન્યા હોવાનું જાણવા મળે છે. નોમુરા દ્વારા નિફટી માટે તેના અગાઉના ટાર્ગેટ ૨૩,૯૭૦ને વધારીને ૨૬,૧૪૦ મૂકાયો હતો. જે વર્તમાન લેવલથી ૬ ટકા જેટલો વધારો સૂચવે છે. જ્યારે બેંક ઓફ અમેરિકા સિક્યુરિટીઝ તેના વર્ષ ૨૦૨૫ના અંત માટેના નિફટીના ટાર્ગેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. નોમુરાનું માનવું છે કે, નિફટી અત્યારે એક વર્ષના ફોરવર્ડ અર્નિંગે ૨૦.૫ ગુણાંકે ટ્રેડ થઈ રહ્યો છે. જે છેલ્લા ત્રણ વર્ષની ટ્રેડિંગ રેન્જની ઊંચી સપાટી નજીક છે. જો કે ફેવરેબલ સ્પ્રેડ અર્નિંગ યીલ્ડ અને બોન્ડ યીલ્ડ વચ્ચે માઈનસ ૧.૪ ટકા છે. જે રેન્જના ઉપલા સ્તરે છે અને એ છેલ્લા ચાર વર્ષમાં પ્રવર્તતું જોવાયું છે. નોમુરાએ નિફટી માટે માર્ચ ૨૦૨૬નો ટાર્ગેટ ૨૬,૧૪૦ મૂક્યો હતો.

બેંક ઓફ અમેરિકા સિક્યુરિટીઝે પણ વૈશ્વિક મેક્રો આર્થિક પરિબળોને ધ્યાનમાં લઈને ભારતીય બજારો માટે સાવચેતી બતાવી છે. વર્તમાન સ્ટીમ્યુલસથી બેંક ઓફ અમેરિકા સિક્યુરિટીઝનું માનવું છે કે, એ ભારતને જીડીપી વૃદ્ધિ લાવવામાં મૂડી ખર્ચ અને વપરાશ વૃદ્ધિમાં મદદરૂપ થઈ શકે છે. પરંતુ આ રિકવરી ધૂંધળી છે.

જેથી બેંક ઓફ અમેરિકા સિક્યુરિટીઝે જીડીપી વૃદ્ધિનો અંદાજ નાણા વર્ષ ૨૦૨૬ માટે મર્યાદિત ૬.૩ ટકા મૂક્યો છે. જેની સામે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૬.૫ ટકા મૂક્યો છે. બ્રોકિંગ હાઉસનું માનવું છે કે, તાજેતરની તેજીને જોતાં નિફટી તેના વર્ષાંતના ટાર્ગેટ ૨૫,૦૦૦ નજીક છે. જેથી વધુ કોઈ સુધારાને અવકાશ નથી. આ માટે સાત જેટલા જોખમોને લઈને નિફટી, લાર્જ કેપ બાબતે બ્રોકિંગ હાઉસે સાવચેતી બતાવી છે.

# બેંકિંગ ક્ષેત્રે વિદેશી રોકાણકારો માટે દરવાજા ખુલ્લા મુકાશે



અમદાવાદ : ભારતીય રિઝર્વ બેંક આગામી સમયમાં બેંકિંગ ક્ષેત્રે કેટલાક નિયમોમાં ફેરફાર કરી શકે છે, જેથી વિદેશી રોકાણકારોને ભારતીય બેંકોમાં વધુ હિસ્સો લેવાની તક મળી શકે. ભારતમાં બેંકિંગ ક્ષેત્રે વિદેશી જાયન્ટો, બેંકિંગ-નાણા સંસ્થાઓ ઝંપલાવવા અને એક્વિઝિશન માટેની હલચલ વધતાં ભારતીય બેંકિંગ નિયામક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) બેંકોની માલિકી સંબંધિત નિયમોને હળવા કરવા પર વિચારણા કરી રહી છે. દેશના ઝડપી વિકસતા અર્થતંત્ર અને ફાઈનાન્શિયલ-બેંકિંગ ક્ષેત્રે તાજેતરના મહિનાઓમાં વિદેશી સાહસિકો એક્વિઝિશન કરવાની તૈયારીમાં છે. દેશની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાને લાંબા ગાળા માટે વધુ મૂડીની જરૂર છે.

ગયા મહિને, રિઝર્વ બેંકે જાપાનની સુમિટોમો મિત્સુઇ બેંકિંગ કોર્પોરેશનને યસ બેંકમાં ૨૦ ટકા હિસ્સો ખરીદવાની મંજૂરી આપી હતી. આ ઉપરાંત, બે વિદેશી સંસ્થાઓ પણ આઈડીબીઆઈ બેંકમાં હિસ્સો લેવાનો પ્રયાસ કરી રહી છે. આ દર્શાવે છે કે રિઝર્વ બેંક વિદેશી રોકાણના નિયમોને અમુક અંશે હળવા કરવાનું વિચારી રહી છે, કારણ કે ભારતમાં આ નિયમો વિશ્વના મુખ્ય અર્થતંત્રોની તુલનામાં સૌથી કડક છે.

ગયા અઠવાડિયે, રિઝર્વ બેંક ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે બેંકિંગ નિયમો અને લાઇસન્સિંગ નિયમોની સમીક્ષા કરવામાં આવી રહી છે. એક સૂત્રના જણાવ્યા અનુસાર, રિઝર્વ બેંક હવે નિયમનકારી નાણાકીય સંસ્થાઓને વધુ હિસ્સો રાખવાની મંજૂરી આપવા તૈયાર છે, પરંતુ આ નિર્ણય કેસ-બાય-કેસ આધારે લેવામાં આવશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગત મહિને જ યશ બેંકમાં જાપાનની સુમીટોમો મિત્સુઈ બેંકિંગ કોર્પ (એસએમબીસી)ને ૨૦ ટકા હોલ્ડિંગ ખરીદવા અને આઈડીબીઆઈ બેંકમાં બે વિદેશી સંસ્થાઓ હોલ્ડિંગ હસ્તગત કરવા શકયતા ચકાસી રહ્યા હોઈ નિયમોમાં કેટલાક બદલાવ કર્યા હતા. જે દર્શાવે છે કે ભારતમાં વિદેશી માલિકી માટેના નિયમોને હળવા કરવા નિયામકો પર દબાણ વધી રહ્યું છે. ભારતમાં આ નિયમો અન્ય ઘણા દેશોની તુલનાએ સખ્ત છે. આરબીઆઈના ગવર્નરે પણ તાજેતરમાં જણાવ્યું હતું કે, આરબીઆઈ વ્યાપક સમીક્ષાના ભાગરૂપ આરબીઆઈ બેંકો માટે શેરહોલ્ડિંગ અને લાઈસન્સિંગ નિયમોની ચકાસણી કરી રહી છે.

આ નિયમો હળવા કરવા સંબંધિત હલચલમાં આરબીઆઈ નિયમન હેઠળની નાણા સંસ્થાઓને બેંકોમાં મોટું હોલ્ડિંગ મેળવી શકે એ માટે કિસ્સાવાર મંજૂરી અને વિદેશી એક્વિઝિશનો માટે નિયમોમાં કેટલીક રાહત પર વિચારણા કરી શકે છે.

સમીક્ષકોનું માનવું છે કે, ભારતમાં ડિલ્સ માટે વિદેશી બેંકો ઉત્સુક છે. ખાસ પ્રાદેશિક વેપાર કરારોને ધ્યાનમાં લેતાં વિદેશી બેંકો પોતાનું ભારતમાં બેંકિંગ ક્ષેત્રે અસ્તિત્વ વિસ્તારવા ઈચ્છુક છે. અત્યારે વૈશ્વિક મોટી બેંકો સિટી બેંક થી લઈ એચએસબીસી અને સ્ટાન્ડર્ડ ચાર્ટડ ભારતમાં બેંકિંગ ક્ષેત્રે અસ્તિત્વ ધરાવે છે. આ બેંકો ખાસ રિટેલ કરતાં નફાકારક કોર્પોરેટ અને ટ્રાન્ઝેકશન બેંકિંગ સેગ્મેન્ટ્સમાં અને ટ્રેડિંગ ક્ષેત્રે ફોક્સ ધરાવે છે. રેટિંગ એજન્સી ફિચ અનુસાર, રિઝર્વ બેંક ઇચ્છે છે કે મજબૂત પ્રદર્શન અને સારી વ્યવસ્થાપન ક્ષમતા ધરાવતી વિદેશી બેંકો તેમની સંપૂર્ણ માલિકીની પેટાકંપનીઓ દ્વારા ભારતમાં ૨૬ ટકાથી વધુ હિસ્સો લે. જોકે, મતદાન અધિકારો પર ૨૬ ટકાની મર્યાદા કાયદામાં લખેલી છે.

# સુસ્ત સ્થાનિક વેચાણ વચ્ચે કાર કંપનીઓની નિકાસમાં ૧૫%નો વધારો




અમદાવાદ : સ્થાનિક બજારમાં પેસેન્જર કારની માંગમાં ઘટાડા વચ્ચે, ઓટોમોબાઈલ ઉદ્યોગની મુખ્ય કંપનીઓ નિકાસમાં જબરદસ્ત વૃદ્ધિ નોંધાવી રહી છે. નાણાકીય વર્ષ ૨૪-૨૫માં, ઉદ્યોગની કુલ નિકાસમાં ૧૫ ટકાનો વધારો થયો છે જ્યારે સ્થાનિક બજાર વેચાણમાં માત્ર ૨ ટકાનો વધારો થયો છે. આમ ભારતીય ઓટોમોબાઈલ કંપનીઓની કારની માંગ વિદેશના બજારોમાં વધી રહી છે. પેસેન્જર કાર માર્કેટમાં અગ્રણી મારુતિ સુઝુકી, ભારતમાંથી પેસેન્જર વાહનોની કુલ નિકાસમાં ૫૦ ટકા હિસ્સો હાંસલ કરવા પર નજર રાખી રહી છે. મારુતિએ ગયા નાણાકીય વર્ષમાં ૩,૩૨,૫૮૫ વાહનોની નિકાસ કરી હતી. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, તે ૨૦ ટકાના વધારા સાથે ૪,૦૦,૦૦૦થી વધુ વાહનોની નિકાસ કરવાની અપેક્ષા રાખે છે. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૫માં લગભગ ૧,૬૩,૩૮૬ વાહનોની નિકાસ કરી હતી અને હવે નિકાસમાં ૭ થી ૮ ટકાના વધારા પર નજર રાખી રહી છે. ભારતમાંથી વાહનોની નિકાસમાં મારુતિ અને હ્યુન્ડાઇનું પ્રભુત્વ છે. મારુતિનો કુલ બજાર હિસ્સો ૪૩ ટકા છે અને હ્યુન્ડાઇનો બજાર હિસ્સો ૨૧ ટકા છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે, નાણાકીય વર્ષ ૨૫ દરમિયાન અન્ય મુખ્ય ઓટોમેકર્સની નિકાસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આનાથી સ્થાનિક બજારમાં નબળા વેચાણને મોટા પ્રમાણમાં વળતર આપવામાં મદદ મળી છે. નિસાન મોટરની નિકાસમાં ૬૬ ટકાનો જંગી વધારો નોંધાયો છે જ્યારે તેના સ્થાનિક વેચાણમાં ૮ ટકાનો ઘટાડો થયો છે. હોન્ડા કાર્સના સ્થાનિક વેચાણમાં ૨૪ ટકાનો ઘટાડો થયો છે, પરંતુ તેની નિકાસમાં ૬૦ ટકાનો અદભુત વિકાસ નોંધાયો છે.

# ૧૨માં ધોરણની વિદ્યાર્થિની પર ગેંગરેપ, આપવીતી સાંભળી અમૃતસર પોલીસના પણ હોશ ઉડ્યાં



પંજાબના અમૃતસર જિલ્લામાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું અપહરણ કરી તેના પર સામૂહિક દુષ્કર્મની ચકચારી ઘટના બની છે. અજનાલા પોલીસે પાંચ આરોપી વિરૂદ્ધ અપહરણ અને સામૂહિક દુષ્કર્મનો કેસ નોંધી તપાસ હાથ ધરી છે. આરોપીઓ સગીરાનું અપહરણ કરી તેને બોલેરોમાં જલંધર લઈ ગયા હતાં. પીડિતા ગમે-તેમ કરી આરોપીઓની પકડમાંથી ભાગી છૂટવા સફળ થઈ હતી. તેણે અજાણ્યા વ્યક્તિ પાસે મદદ માગી ઘરે ફોન કર્યો હતો અને પરિવારને આપવીતિ જણાવી હતી. સબ ઈન્સ્પેક્ટર બીના રાનીએ જણાવ્યું કે, આરોપીઓની શોધખોળ થઈ રહી છે. પીડિતાની ફરિયાદના આધારે અજનાલા પોલીસે કરીમપુરાનો રહેવાસી ગુરપ્રીત સિંહ, ગુરશરણ સિંહ અને જસકરણ સિંહ સહિત પાંચ વિરૂદ્ધ કેસ નોંધ્યો છે.

પીડિતાએ જણાવ્યા પ્રમાણે, બારમા ધોરણમાં અભ્યાસ કરતી પીડિતા ૨૯ મેના રોજ ઘરેથી બસમાં શાળાએ જવા નીકળી હતી. રસ્તામાં આરોપી તેને મળ્યા હતાં. તે તેમને ઓળખતી હતી. આરોપીએ તેને કહ્યું હતું કે, તારા પિતાની પોલીસે ધરપકડ કરી છે. તે રામદાસ પોલીસ સ્ટેશનમાં બંધ છે. અમે પણ ત્યાં જ જઈ રહ્યા છીએ, તને પણ ત્યાં મૂકી જઈશું. આ સાંભળી તે આરોપી સાથે બોલેરો કારમાં બેસી ગઈ. તમામ આરોપી તેને જલંધરના કોઈ ગામમાં ખેતરમાં બનેલા અવાવરૂ ઘરમાં લઈ ગયા હતા. ત્યાં તમામે તેના પર સામૂહિક દુષ્કર્મ ગુર્જાયો હતો. બાદમાં તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાંજે આરોપી ત્યાંથી જતાં રહેતાં તે ભાગી છૂટવા સફળ થઈ હતી.

# કેનેડાના ટોરેન્ટોમાં અંધાધૂંધ ગોળીબાર, ૧નું મોત, ૫ ઈજાગ્રસ્ત, હુમલાખોરની શોધખોળ શરૂ




કેનેડાના ટોરોન્ટોના લોરેન્સ હાઇટ્સ વિસ્તારમાં ભીષણ ગોળીબાર થયો છે. આ ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે ૫ ઘાયલ થયા છે. સ્થાનિક મીડિયા અનુસાર, ગોળીબાર નોર્થ યોર્કના લોરેન્સ હાઇટ્સ વિસ્તારમાં થયો હતો. ટોરોન્ટો પોલીસે પુષ્ટિ આપી છે કે ગોળીઓથી ઘાયલ થયેલા ઓછામાં ઓછા પાંચ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે, તેઓ હવે ખતરાથી બહાર છે. ટોરોન્ટો પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ફ્લેમિંગ્ટન રોડ અને ઝાચેરી કોર્ટ નજીક મંગળવારે રાત્રે ૮:૪૦ વાગ્યે ગોળીબારના સમાચાર મળતા અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હુમલાખોરની શોધખોળ હજુ પણ ચાલુ છે. ટોરોન્ટો પેરામેડિક્સના જણાવ્યા અનુસાર, પીડિતોની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષની વચ્ચે છે. ટોરોન્ટો પોલીસે જણાવ્યું કે ગોળીબારમાં પાંચ લોકો ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, પરંતુ તે ખતરાથી બહાર છે. ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, 'આજે સાંજે લોરેન્સ હાઇટ્સ વિસ્તારમાં ગોળીબારના સમાચારથી હું દુઃખી છું. મારી ઓફિસ ટોરોન્ટો પોલીસના સંપર્કમાં છે, જે હાલમાં ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી રહી છે.

## જામનગરના જોડીયા પંથકમાંથી ત્રણ વર્ષ પહેલાં સગીરાનું અપહરણ કરી જનાર આરોપી રાજસ્થાનમાંથી પકડાયો

જામનગર જિલ્લાના જોડીયા પંથકમાંથી આજથી ત્રણ વર્ષ પહેલા એક સગીરાનું અપહરણ થઈ ગયું હતું, તે સગીરાને ઉઠાવી જનાર શખ્સને એન્ટી હુમન ટ્રાફિક યુનિટની ટુકડીએ ઊંડાણપૂર્વકની તપાસના આધારે રાજસ્થાનના પાલી જિલ્લામાંથી આરોપીને શોધી કાઢ્યો છે, અને તેની સાથે રહેલી ભોગ બનનાર કે જે હાલ પુખ્ત વયની થઈ ગઈ છે, અને તેણીએ પુત્રને પણ જન્મ આપ્યો છે. જેને સાથે લઈને જામનગર આવ્યા બાદ આરોપીની રિમાન્ડની કાર્યવાહી હાથ ધરીછે. આ બનાવની વિગત એવી છે કે જોડિયા પોલીસ મથકમાં આજથી ત્રણ વર્ષ પહેલા મધ્યપ્રદેશના વતની એક શ્રમિક પરિવારની ૧૬ વર્ષની પુત્રીનું અપહરણ થઈ ગયું હતું, અને કોઈ અજાણ્યા શખ્સો ઉઠાવી ગયો હોવાની ફરિયાદ જોડિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. જે ફરિયાદના અનુસંધાને જામનગરની એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટના પીઆઇ એ.એ.ખોખર અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી.

# સાબરમતી સ્વચ્છતા અભિયાનના નામે હોમગાર્ડ જવાન અને સિવિલ ડિફેન્સના કર્મચારીને પણ ધંધે લગાડ્યા

અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદીને સાફ કરવાના સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હવે આ પ્રોજેકટમાં ગુરૂવારે (૫મી જૂન) હોમગાર્ડના પાંચ હજારથી વધુ જવાનો અને સિવિલ ડિફેન્સના ૭૦૦થી વધુ જવાનો પણ લોકભાગીદારી કરી જોડાશે અને સાબરમતીને સાફ કરવામાં તેમની સેવા આપશે. આ દિવસે સાબરમતી નદીના પશ્ચિમ છેડે સરદાર બ્રિજની નીચે



એનઆઇડી પાસેના પટ્ટા-વિસ્તારમાં તેમ જ નદીના પૂર્વ છેડે અટલ બ્રિજની નીચેના ઘાટ વિસ્તારમાં નદીમાંથી મોટા પાયે કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવાનું વિશેષ આયોજન હાથ ધરાયું છે.

સાબરમતી રિવરફ્રન્ટ પ્રા.લિ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે સાબરમતી નદીને સાફ કરવાનું સ્વચ્છતા મહાઅભિયાન છેલ્લા બે અઠવાડિયાથી શરૂ કરવામાં આવ્યું છે. જેમાં જુદા-જુદા તબક્કામાં અને ભાગોમાં નદીની સફાઈ હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત સાબરમતીના પશ્ચિમ છેડે ચાર બ્લોક અને પૂર્વ છેડે પાંચ બ્લોક પાડી જુદા જુદા ઝોન, વિભાગો, સામાજિક સંસ્થાઓ, એનજીઓ સહિતના લોકોના શ્રમદાનની લોકભાગીદારીથી હાલ નદીને સાફ કરવાની કામગીરી ચાલુ છે.

આ સફાઈ અભિયાનમાં અમદાવાદ શહેરના પાંચ હજારથી વધુ હોમગાર્ડ જવાનો અને સિવિલ ડિફેન્સના ૭૦૦થી વધુ જવાનો સાબરમતી નદીને સાફ કરવામાં પોતાની સ્વૈચ્છિક સેવા આપશે. આ માટે અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ ઝોનના તમામ ડિવીઝનના અધિકારીઓ, હોમગાર્ડ જવાનોને ગુરૂવારે વહેલી સવારે ૬:૧૫ વાગ્યે પૂર્ણ સંખ્યામાં હાજ રહેવાના આદેશો પણ જારી કરી દેવાયા છે. હોમગાર્ડ ડિપાર્ટમેન્ટ, ગુજરાત રાજયના કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલ અને અમદાવાદ શહેર પશ્ચિમના હોમગાર્ડઝ જિલ્લા કમાન્ડન્ટ કે.આર.પટેલના માર્ગદર્શન હેઠળ હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સના મળી કુલ આશરે છ હજાર જેટલા જવાનો અભિયાનમાં જોડાશે.

# જ્યોતિ મલ્હોત્રા બાદ પંજાબમાં વધુ એક યુટ્યુબરની ધરપકડ, પાકિસ્તાન માટે જાસૂસીનો આરોપ

પંજાબ પોલીસની સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલએ આજે વધુ એક પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી છે. પાકિસ્તાન સમર્થિત જાસૂસી નેટવર્કમાં કથિત સંડોવણી હોવાના આરોપસર યુટ્યુબર જસબીર સિંહની ધરપકડ કરવામાં આવી છે. તેના યુટ્યુબ પર ૧૧ લાખથી વધુ સબ્સક્રાઈબર્સ છે. પોલીસે જણાવ્યું હતું કે, રૂપનગરમાં રહેતો જસબીર સિંહનો પાકિસ્તાનના સિક્રેટ એજન્ટ શાકિર ઉર્ફ જટ્ટ રંધાવા સાથે સંબંધ હોવાનો આરોપ છે. જે એક આતંકી સમર્થિત જાસૂસી નેટવર્કનો હિસ્સો છે. જસબીરનો હરિયાણાની યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રા અને પાકિસ્તાની નાગરિક અહેસાન-ઉર-રહીમ ઉર્ફ દાનિશ સાથે અંગત સંબંધ હતાં. દાનિશ પાકિસ્તાન હાઈ કમિશનમાંથી બરતરફ કરવામાં આવેલો અધિકારી છે.



પંજાબ પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે, જસબીર સિંહે દાનિશના નિમંત્રણ પર દિલ્હીમાં આયોજિત પાકિસ્તાન નેશનલ ડે સમારોહમાં ભાગ લીધો હતો. જ્યાં તેની મુલાકાત પાકિસ્તાની સેનાના અન્ય અધિકારીઓ અને બ્લોગર્સ સાથે થઈ હતી. જસબીરે ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૪માં ત્રણ વખ પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. તેના ઈલેક્ટ્રોનિક ડિવાઈસમાં અનેક પાકિસ્તાન આધારિત ફોન નંબર છે. જેની ફોરેન્સિક તપાસ હાથ ધરાઈ છે. જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ બાદ જસબીરેँ સાથે પોતાના તમામ કોમ્યુનિકેશનના પુરાવા ડિલિટ કરવાનો પ્રયાસ કર્યો હતો.

# સોફિયા કુરૈશી અંગે વિવાદિત ટિપ્પણી કરનાર ભાજપ નેતા ફરી વિવાદમાં, દુષ્કર્મ પીડિતાના પરિવારની તસવીર વાઈરલ

મધ્ય પ્રદેશના ખંડવા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં સામૂહિક દુષ્કર્મ અને હત્યાની હચમચાવી દેનારી ઘટનાના નવ દિવસ બાદ રાજ્ય મંત્રી વિજય શાહ મંગળવારે પીડિત પરિવારને મળવા પહોંચ્યા હતા. જોકે, તેમણે મીડિયાને આ વિશે કોઈ વાત નથી કરી. પરંતુ, વિવાદ ત્યારે ઊભો થયો જ્યારે પીડિત પરિવાર સાથેની તેમની તસવીર સોશિયલ મીડિયા પર વહેતી થઈ. જણાવવામાં આવી રહ્યું છે કે, જ્યારે વિજય શાહ મૃતકના પરિજનનો મળવા પહોંચ્યા, ત્યારે સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓએ આ મુલાકાતની તસવીર ક્લિક કરીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. જેમાં પીડિતાના પરિજનોનો ચહેરો સ્પષ્ટરૂપે જોઈ શકાતો હતો, જેનાથી ગોપનીયતાનો ભંગ થયો હતો. આ મુદ્દે મંત્રીને ચારેતરફથી ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. વિજય શાહ સાથે જોડાયેલો આ કોઈ પહેલો વિવાદ નથી. આ પહેલા પણ ભારતીય સેનાની મહિલા અધિકારી કર્નલ સોફિયા કુરૈશીને 'આતંકવાદીઓની બહેન' કહીને અભદ્ર ટિપ્પણી કરી હતી. કર્નલ કુરૈશી એ ત્રણ વરિષ્ઠ અધિકારીઓમાં સામેલ હતાં, જેમણે ઓપરેશન સિંદૂર પર મીડિયાને બ્રીફ કર્યું હતું. વિજય શાહની આ ટિપ્પણી સોશિયલ મીડિયાથી લઈને અદાલતમાં ભારે વિરોધનું કારણ બની હતી. આ મામલાને ગંભીર માનતા સુપ્રી કોર્ટ અને હાઈકોર્ટે સુઓમોઓ દ્વારા વિજય શાહની ફટકાર લગાવતા આ મુદ્દે ફરિયાદ દાખલ કરવાનો આદેશ કર્યો હતો. જોકે, મંત્રીએ આ મુદ્દે માફી માંગી પરંતુ, કોર્ટે માફીનો અસ્વીકાર કરી દીધો છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




*NOG SS No.167*
★વિષય:-"અભરખો"★
★શિર્ષક;- "જોઉં છું"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૯૨★

ઝાંઝવા જેવા સપનાને, આંખમાં ઓગળતાં જોઉં છું,
ક્ષિતિજે દેખાતા મૃગજળ માટે, મૃગને દોડતાં જોઉં છું.
સમીકરણ સંબંધોના, માંડે છે બધાં અહીં પદ વગર,
તુત્યાં ફુટ્યાં લાગણીના સંબંધોને, લંગડાતાં જોઉં છું.
ભાગ્યરેખા સમજવા, ગ્રહોની ચાલ માટે દોડતાં રહે,
લોકોને વિદ્વાન પાસે, અહીં તહીં અથડાતાં જોઉં છું.
ચલાવ્યો ખોટ્ટો સિક્કો ચાલ્યો ત્યાં સુધી, ધની જને,
દુ:ખી ધની ને ઈશ પાસે, વારંવાર કરગરતાં જોઉં છું.
જનરેશન ગેપ નથી, નવી પેઢીને સમજાવવી પડે ભલે,
ઠેક્કો લઈ ફરતાં જનોના, સિદ્ધાંતો પીગળતાં જોઉં છું.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 390
વિષય :- અભરખો
શિર્ષક :- દાદીનો અભરખો
પ્રકાર :- ગદ્ય. શબ્દ : - ૧૬૧

ઘરમાં પૌત્ર-વહુનો શ્રીમંત પ્રસંગ ઊજવાય છે. ધામધૂમ, ગીત-સંગીત, હાસ્ય-ઉલ્લાસથી ચારેબાજુ ખુશીયો છલકાય છે. સાસુ-સસરા આનંદથી ઝૂમે છે, પણ આ સંસારની ગોદમાં બેઠેલી એક વ્યક્તિની આંખોમાં જે અનંત સુખ છુપાયેલું છે, તે છે દાદીનો અભરખો
જીવનના સંઘર્ષો વચ્ચે વડીલોની વાતો કરતી, પોતાનાં બાળકોને ઊછરતાં જોયાં, પછી તેમનાં બાળકોનાં બાળકોને પાળ્યાં... અને આજ, ત્રીજી પેઢીનો લાડલો ઘરમાં પગ મૂકે છે! દાદીની આંખોમાં આશીર્વાદની શાંતિ છલકાય છે. એના હૈયામાં એક સાથે ભાવના ઝળકે છે: "મારા જીવનનું ફળ હવે સંપૂર્ણ થયું." એની ઝૂરી ગયેલી આંગળીઓ પૌત્ર-વહુના માથે સહેજ ફેરવે છે, મનમાં કોઈક પ્રાર્થના ગુંજે છે. દાદીનો આ અભરખો કોઈ શબ્દોમાં બંધાય એવો નથી. એ તો એક નિ:શબ્દ આભાર છે. જીવનના આ અંતિમ પડાવે પ્રભુએ એને આ દશ્ય દેખાડ્યા માટે!
"બેટા, હવે મારી દુનિયા પૂરી થઈ..."
એક અસ્પષ્ટ ગળગળી આવેલા સ્વરમાં દાદી કહે છે, અને પછી તેનું વૃદ્ધ હાસ્ય રડી પડે છે... આંખોમાં ભરાયેલા આનંદના આંસુ સૌને યાદ અપાવે છે કે, ★★"જીવનની સાચી શાભા તો પરંપરાના આ અનુભવોમાં જ છુપાયેલી છે."★★
ઉર્વી ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO-195
વિષય:- અભરખો
શીર્ષક:- "માનવતા ખોળવી છે"
પ્રકાર:- પદ્ય અછાંદસ
શબ્દો :- ૭૬
આકાશ આંબવું છે મારે, તૃષ્ણા તોડવી છે,
એક અભરખો એવો છે મમતાને છોડવી છે.
વાઘા પહેરુ વનસ્પતિના, વેદનાં વોડવી છે,
શણગારવી છે સૃષ્ટિને સમતા જોડવી છે.
પ્રેમ પામવો પશુ-પંખીનો, પૃથ્વી પોઢવી છે,
દુ:ખ હરવું છે દુનિયાનું દિવ્યતા દોરવી છે.
મન મંગલ મહિ માનીતી, મોજને મોડવી છે,
ચિત્તચોરને ચિત્તમાં રાખી ચિંતા ચોડવી છે.
અભરખાં એવા આખી અવનિ ઓઢવી છે,
નિસર્ગને નયનમાં રાખીને,નમ્રતા નોડવી છે.
ઈચ્છા, અરમાન, અભરખાં, એવા છે અમૃત,
માધવને મનમાં રાખીને માનવતા ખોળવી છે.
અમૃત શ્રીમાળી (મહેસાણા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No:-168
વિષય:-અભરખો
શીર્ષક: હૈયામાં બસ તું એક 'શિવ'
પ્રકાર:- પદ્ય શબ્દ ૧૩૦
હૈયામાં બસ મારો એક 'શિવ' ....હું કોને કહું,
તું જ જગતમાં એક એવો નાથ ,બીજો કોઈ મને નાં જડે...
તું જે સમજી જાણે હૃદય ની સંવેદનાને,
તે.... આ હાડપિંજર નો માણસ શું સમજી જાણે... !?
ઘણાં લડાવ્યાં લાડ મેં, આ હાડપિંજર નાં માણસ સાથે,
તોય તે આજે પણ, હૃદયની સંવેદનાને સમજી નાં શક્યો !!
હૈયામાં બસ એક 'અભરખો' હું અને મારો શિવ, ત્રીજો નાં કોઈ...
છો તમે 'શિવ' જગતનાં પરમપિતા પરમાત્મા.
તો શા કાજે રાખું અભરખો હું, હાડપિંજરાઓ ઉપર,
છો તમે હાજરાહજૂર મહીસાગર પ્રેમનાં પ્રેમનાથ.
હૈયામાં બસ મારો એક 'શિવ' બીજો ન કોઈ ...
તું છું જગતમાં એક એવો પ્રેમી, બીજો કોઈ પ્રેમી બની ન શકે.
બસ એક તારાં જ રંગનો અભરખો લાગ્યો છે- હેં નાથ...
મીરાંની જેમ હું તારા રંગે રંગમાં રંગાઈ જઈ ઉત્સવ મનાવું.
ડો કનૈયાલાલ માલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 387
વિષય: અભરખો
શિર્ષક: "મારા ઓરતાં ના ગાલ પર કાળો ટીકો"
પ્રકાર:ગદ્ય શબ્દો:૧૭૮

વાગ્યો રે ઢોલ બાઈ વાગ્યો રે ઢોલ...
મારા મીઠાં નાં રણ માં વાગ્યો રે ઢોલ...(૨)
મારી જીન્દગી ની નજીક ની જ આ વાર્તા છે."મારા ઓરતાં (અભરખો)ના ગાલ પર એક કાળો ટીકો " એટલે કે હવે કોઈનીય મને નજર ના લાગે!!
પંછી બનું,ઉડતી ફીરૂ, મસ્ત ગગન મેં..
આજ મૈં આઝાદ હૂં ,દુનિયા કે ચમન મેં...
આજદિન સુધી માં મેં મારા અનમોલ જીવન ના 'નવરસ ' માણ્યા, જાણ્યા, અનુભવ્યા... જેવાં કે હાસ્ય,કરુણ, બિભત્સ, સૌમ્ય ,રૌદ્ર,ડર, વગેરે.એવી જ રીતે નવરંગ -લીલો રંગ- ખુશી, સફેદ -શાન્તિ,કેસરી- જોશ, તરવરાટ, કાળો-દુ:ખ, નિરાશા,લાલ- ઉમંગ ઉત્સાહ, ઉત્સવ વગેરે..
હવે જીવન નાં અંતિમ પડાવે મારે મારા સૂર્યાસ્ત ને શણગારવો છે ,કે જે મારો "અભરખો"છે...એ કાર્ય કરી પણ રહી છું-તમામ જવાબ દારી ઓ ની સાથે.
મારું જીવન પુષ્પ પ્રભુ ને ચરણોમાં ધરું ત્યારે હું પ્રફુલ્લિત હોવ એ જ યાચું છે અને આ પણ મારો અભરખો છે જ.જાત સાથે જીવવા નો થોડો અવસર ચોરી લઉ છું.
મારા અનમોલ ઉપહાર સમું માનવ જીવન ને ઉજાગર કરતા કરતા "હવે મારી ઝાંઝરી ને બોલાવાની છુટ..."

પુનિતા બેન દવે -મણિનગર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO- 334
વિષય:- અભરખો
શીર્ષક:- સાદગીથી જીવાય
પ્રકાર:- પદ્ય અછાંદસ શબ્દો :- ૬૩

મોહ માયાનો અભરખો ભરી ના રખાય,
અંત સમય કામ ના આવે સમજી જવાય.

દુનિયા આખીને બસ જીવનમાં પૈસો દેખાય,
વગર વિચાર્યું એમાં તો પગલાં ભરી લેવાય.

સત્તા મેળવવાનો જબરો અભરખો રખાય,
સુખ પછી દુ:ખની ચાદર ઓઢતો છુપાય.

માણસ બની જીવી જાણવાની રીત છુપાય,
આંધળી દોટ મૂકી આ જીવ સતત ગભરાય.

સજાગ બની રહેજે સદા સાદગીથી જીવાય,
મોકળું મેદાન મળી રહેશે જો ઈચ્છા સમાય.
ડૉ ફાલ્ગુની રાઠોડ 'ફાગ' નવસારી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No.343
વિષય :- અભરખો
શીર્ષક :-સબંધનાં અભરખા
પ્રકાર:- પધ શબ્દો :- ૮૦

કુદરતનાં ખોળે લીલાછમ થઈ ખીલતાં ફૂલ ઝાડોને મહેકતાં જોયાં છે,
સમયે વાવાઝોડાંમાં વન વનરાઈ બાગ બગીચાને ઉજ્જડતા જોયાં છે ,
નદીનાં જળ અતિરેકતાથી મીઠાંમાંથી ખારા થવાં સાગરમાં મળતાં જોયાં છે,
સમયે વર્ષાનાં દુષ્કાળમાં એક બુંદ પાણી માટે જીવોને તરસતાં જોયાં છે
હેત પ્રેમ લાગણીનાં અભરખાથી સંબંધને બંધનમાં બંધાતા જોયા છે,
સમયે લાલચનાં અભરખામાં સ્વાર્થકાજ સ્નેહાળ સબંધને તૂટતાં જોયાં છે.
નભમાં ગ્રહણના અંધકારમાં પ્રકાશિત તારાઓ છુપાતાં જોયાં છે
સમયે "ચંદ્ર" સૂર્ય અસ્ત ભુલી ઉદય થઈ રોશનીથી પૂન: પ્રકાશતાં જોયાં છે
" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

Nog SS No 205
વિષય:અબરખો
શીર્ષક:અધુરા સપના ઓ
શબ્દો ૧૦૦
અમુક અધુરા રહી ગયાં સપના ઓ
તેનો અબરખો રહી ગયો
ઊશેરીયા હોય લાડ કોડ થી જે માં બાપે સંતાનો ને જો તેમના અરમાન પુરા ન થાય તો તેનો રહી જાય અબરખો
જો ન મળે સ્ત્રી યા પુરુષ ને મન ગમતું પ્રાત્ર તો અબરખો રહી જાય
ભણતા વિદ્યાર્થીઓ મા પણ કયક બનવા ની તમન્ના હોય છે
પણ લાંચ રૂશ્વત અને ભષ્ટ્રાચારો ની
સામે થય જાય છે લાચાર તો તેના મનમાં ઘણો રહી જાય છે અભરખો
માણસ જાત ને બનવું હોય કયક
અને બની જાય કયક તેનો અબરખો રહી જાય છે
કયક ઘર ની મજબુરી અને કયક ઘર ની પરિસ્થિતિ નબળી તેના થી આ પથીક કરી ને શક્યો કય તેનો રહી ગયો અબરખો
વિજયસિંહ ઝાલા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 353
વિષય:- અભરખો
શીર્ષક:- અભરખો
માઈલ સ્ટોન છે...!!
પ્રકાર:- ગદ્ય શબ્દો - ૩૫૦
અભરખા એટલે અર્થઈચ્છા, ઉમેદ, ઓરિયો. હોંશ, ઉમળકો,તીવ્ર લાલસા.
ઘણા અર્થ થાય એવો માનવી બતાવો જેને જીવનમાં કોઈ અભરખા ન હોય.સૌ? કોઈને કોઈને કોઈ અભરખા હોય છે.
ગરીબને અમીર બનવાના અભરખા હોય.અમીર ને બધું મેળવી કરોડપતિ માંથી અબજોપતિ બનવાના અભરખા હોય.પુરુષ ને સુંદર નારી,નારીને સુંદર પુરુષ મળે એવા અભરખા હોય.પણ કોઈને કોઈ ઈચ્છા હોય એ અભરખો કહેવાય.
અભરખો પણ એક વિટામીન છે.આ વિટામીનની ઉણપવાળાનું આમાં શરીર સુકાતું નથી, પણ મગજ સૂકાય છે..!!અભરખાની એક ખૂબીલીટી છે. જેને અભરખો સવાર થયો હોય,એ ટોપું..દિવસે તો બરફ જેવો હોય,પણ, રાતે જ લવારે ચઢે,અને દિવસે પાછો અભરખાના પનારે પડે.
હાલના યુગમાં તો બસ ક્યાંથી પૈસા લાવું કરોડપતિ રાતો રાત બની જાવ એવા અભરખા મનમાં હોય.ખબર છે કે જીવનમાં કોઈની પણ બધી ઈચ્છાઓ પૂરી થઈ નથી છતાં પણ હાલના યુગમાં સૌને કરોડપતિ બનવાની ને બધું પૈસા કમાવાની જ લાલચા એટલે કે અભરખા હોય.
મારી પત્નિ સુંદર હોય ને મોટું આલીશાન મકાન હોય ને બધી જ સુવિધાઓ મારી પાસે હોય એવાં હાલનાં યુગના માનવીના અભરખા હોય છે.કોઈને એમ નથી થતું કે જરુરિયાતમંદ ને મદદ કરું એવા અભરખા કોઈને નથી હોતા વૃદ્ધ માતાપિતાની સેવા કરું એવા અભરખા કોઈને નથી હોતા. હાલતો બસ પેલો ગાડી લાયો તો હું પણ એનાથી સારી ગાડી લાવવાના અભરખા જોતો ને અંતરને બાળતો માનવી. ચાદર ટુંકી ને અભરખા વધુ ક્યાંથી પુરા થાય.એટલે જ કહેવાય છે..
"મુઠ્ઠી ભર હૈયું ને ખોબા ભર પેટ..મુદ્દા તો બે જ પણ કેટકેટલી વેઠ..
મુઠ્ઠી ભર હૈયું ને ખોબો ભર પેટ દીધું એને જેટલું ખપે એટલું જ લેવાય છતાં પણ માનવી ખોટા અભરખા કરી ને અંતરથી બળતો હોય છે.
મીંડામાંથી મહાજન બનવાના અભરખા.આત્મકથા જેવું જીવન બનાવવું એટલે,માથા ઉપર હાથી મુકીને ચાર ધામની યાત્રાએ જવા જેટલું કઠીન કામ કહેવાય.
અભરખો હોવો જોઈએ.શું કામ ના હોવો જોઈએ..?એ જ તો માણસની ટેક્ષ વગરની મૂડી છે. પણ એવા અભરખા ના રખાય કે,શરીર આખું ઉઘાડું હોય અને માથે કાશ્મીરી ટોપી હોય.અંતરનો અભરખો રાખીએ,અને પોતે સાવ સડી ગયેલો હોય, એને ગાંડી ઘેલછા કહેવાય.
અભરખો આજકાલ જીવનનું એક અંગ બની ગયો છે.કપડાં ઉપરના કારણ વગરના ખિસ્સા અને કારણ વગરના બટનની માફક અભરખો પણ એક અનિવાર્ય શોખ બની બેઠો છે.માણસે-માણસે અભરખા અલગ છે.કોઈને પ્રધાન થવાના અભરખા,કોઈને વારંવાર પરણવાના અભરખા તો કોઈને બોલીવુડમાં પ્રવેશવાના અભરખા હોય.અભરખો એ પણ એક માઈલ સ્ટોન છે..!!
લિ... સોલંકી પ્રકાશકુમાર મનુભાઈ "એકાંત"વૈરાગી "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## ગુડ ગર્વનન્સ માટે રાજ્ય સરકારની માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ના અમલમાં આમૂલ પરિવર્તન લાવતી ક્રાંતિકારી સૂચનાઓ

# માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના સરળ, ઝડપી, અસરકારક અમલ માટે પાંચ પાનાની માહિતી વિનામૂલ્યે આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય

## રાજ્ય સરકાર અને રાજ્ય વહીવટી તંત્રનો આભાર વ્યકત કરતું ગુજરાત માહિતી આયોગ

જાહેર વહીવટમાં પારદર્શિતા તથા જવાબ દેહિતા આવે તેવા ઉમદા આશયથી અમલમાં મૂકાયેલ માહિતી આધિકાર અધિનિયમ-૨૦૦૫ ના અસરકાર, સૂચારુ અમલ માટે ગુજરાત માહિતી આયોગે વિધાનસભા સમક્ષ રજુ કરેલ વર્ષ – ૨૦૨૩ ૨૪ ના વાર્ષિક વહીવટી અહેવાલથી રાજ્ય સરકારને કેટલીક ભલામણો કરી હતી આ ભલામણોનો સ્વીકાર કરી રાજ્ય સરકારે તા.૧૩/૦૫/૨૦૨૫ના પરિપત્ર થી નીચેની સૂચનાઓ બહાર પાડેલ છે.

૧. સરકારી રેકર્ડને યથાયોગ્ય રીતે વર્ગીકૃત કરીને તેની અનુક્રમણિકા સાથે જાળવણી કરી તેને યોગ્ય રીતે વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવું.

૨. પાંચ પાના સુધીની માહિતી વિનામૂલ્યે આપવી.

૩. ઈ-મેઈલથી/ઓનલાઈન માહિતી માંગવામાં આવે ત્યારે ફોટો પાડીને માહિતી મોકલી આપવી, ત્યારબાદ તેને તે માહિતી ભૌતિક સ્વરૂપે મોકલી આપવાની રહેશે નહીં.

૪. અરજદારને રેકર્ડના સ્વનિરીક્ષણ માટે બોલાવવામાં આવે ત્યારે માત્ર આપવાપાત્ર માહિતીનો ફોટો પાડવાની તથા પોર્ટેબલ સ્ટોરેઝ ડીવાઈઝમાં લઈ જવાની મંજૂરી આપવી, પછી ત્યારબાદ તે માહિતીને ભૌતિક સ્વરૂપે મોકલી આપવાની રહેશે નહીં.

નમૂના-ક ની અરજી, જાહેર માહિતી અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલ વિગતો તથા પ્રથમ અપીલની વિગતો ધ્યાને લઈને પ્રથમ અપીલનો વિગતદર્શક હુકમ **(Speaking Order)** કરવામાં આવે તથા તે હુકમનું જાહેર માહિતી અધિકારી દ્વારા પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા સર્વે પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ નો લોકોને લધુત્તમ ઉપયોગ કરવો પડે તે માટે, માહિતી અધિકાર અધિનિયમ- ૨૦૦૫ ની કલમ ૪ (૧) (ખ) માં જણાવેલ પ્રત્યેક જાહેરસત્તામંડળે સ્વયંપ્રસિધ્ધ કરવાની માહિતી પ્રોએકટીવ ડિસ્કલોઝર **(PAD)**, સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૦૫-૨૦૦૯, તા.૧૭-૦૭-૨૦૧૯ ની સૂચનાઓ મુજબ અધ્યતન કરવા સર્વે જાહેર સત્તામંડળોને સૂચના આપવામાં આવેલ છે.

પ્રોએકટીવ ડિસ્ક્લોઝર **(PAD)**, નાગરિકોને વિનામૂલ્યે અથવા ઠરાવવામાં આવે તે કિમંતે અથવા છપામણી ખર્ચની કિમંતે પૂરા પાડવા સૂચના આપવામાં આવેલ છે. આ માહિતીમાં અરજદારો દ્વારા વારંવાર માંગવામાં આવતી માહિતીનો પણ સમાવેશ કરવાનું જણાવવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા ગેરકાયદેસર બાંધકામ અને દબાણ સંદર્ભે કરેલ કાર્યવાહીના રેકર્ડ, આપવામાં આવતી વિવિધ પરમીટ, લાયસન્સ, પરવાનગી, અધિકૃતિઓની મંજૂરીની વિગતો સ્વયં પ્રસિધ્ધ કરવામાં આવે. આ ઉપરાંત, આ માટે નાગરિક / અરજદાર દ્વારા અરજી કરવામાં આવ્યા બાદ તેઓની અરજી પરત્વે થતી પ્રગતિથી નાગરિક વાકેફ રહી શકે તે હેતુસર, મંજૂરીના પ્રત્યેક તબક્કે નાગરિક/ અરજદારને મેસેજ / ઈ-મેઈલથી આપોઆપ જાણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અંગે સર્વે જાહેરસત્તામંડળોને સુચના આપવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના અમલમાં આમૂલ પરિવર્તન લાવતી ક્રાંતિકારી સૂચનાઓ પ્રસિધ્ધ કરવા માટે ગુજરાત માહિતી આયોગ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરે છે.

# ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ : પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતોની સહાય માટે સદાય તત્પર 'ગ્રીન કમાન્ડો'





અત્યાર સુધી આપણે રાષ્ટ્રની રક્ષા કરનાર બ્લેકકેટ કમાન્ડો, એનએસજી કમાન્ડો, ચેતક કમાન્ડો, પેરા કમાન્ડો, એસપીજી કમાન્ડો જેવા નામ સાંભળ્યા છે, પણ ગ્રીન કમાન્ડો આપણે સૌએ કદાચ નહી સાંભળ્યું હોય. આ ગ્રૂપ પર્યાવરણના સંરક્ષણ માટે કામ કરે છે, પણ આ ગ્રૂપની કામ કરવાની એક અનોખી રીત છે. ગ્રીન કમાન્ડો પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતો અને ખેતીના વિકાસ માટે નિ:સ્વાર્થે કામ કરનાર ગ્રૂપ છે. પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતોની મદદ માટે સદાય તત્પર એવા ગ્રીન કમાન્ડો ખેડૂતોને મદદરૂપ બનીને તેમના જીવનમાં ઊર્જા અને ઉત્સાહ ભરવાનું કાર્ય કરે છે.

અમદાવાદમાં આ ગ્રૂપની શરૂઆત પાંચ વર્ષ પહેલા જિલ્લાના જ આગેવાન વિષ્ણુભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ ગ્રૂપની શરૂઆત ૩૫ સભ્યોથી થઇ હતી, જે આજે ૬૦૦થી વધુ સભ્યો સુધી પહોંચી ગઇ છે. ગ્રીન કમાન્ડો અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર એમ ચાર જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતો અને ખેતીના વિકાસ માટે નિ:સ્વાર્થે કામ કરે છે. આ ગ્રૂપનો મુખ્ય ઉદ્દેશ પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતોની મૂળભૂત સમસ્યાઓ સમજીને તેનું નિરાકરણ લાવવાનું છે. ગ્રીન કમાન્ડો ગ્રૂપનો સભ્ય જે અનાજમાં નિષ્ણાંત છે એ પાક વિશે તમામ ખેડૂતોને માર્ગદર્શન આપે છે. આ ગ્રૂપના તમામ સભ્યોનું માનવું છે કે, પ્રાકૃતિક ખેતી કરનાર તમામ ખેડૂતો જગતના સાચા તાત છે અને સમાજના સુપર હીરો છે. આ ગ્રૂપના સભ્ય એવા જયદીપભાઈ પટેલ કહે છે કે, આ ગ્રૂપની સ્થાપના પાંચ વર્ષ પહેલા વિષ્ણુભાઈ પટેલે વિશાલભાઈ, માધવજીભાઈ, જયંતિભાઈ પટેલ, દેવાંશુભાઈ, રાકેશભાઈ, સીએલ પૂજારા તેમજ અન્ય ૩૫ સભ્યો સાથે કરી હતી. ગ્રૂપના તમામ સભ્યોનો શરૂઆતથી એક ધ્યેય રહ્યો છે કે, સમાજ પાસેથી કંઇ લેવું નથી, સમાજે આપણે ઘણું આપ્યું છે. ત્યારે આપણી ફરજ બને છે કે કોઈકનો છાંયડો બનીએ. જે ખેડૂતોએ રાસાયણિક ખેતીના બદલે પ્રાકૃતિક ખેતી પસંદ કરી એવા ખેડૂતના પડખે ઊભા રહી તેમની કાયાપલટ કેવી રીતે થઇ શકે એ માટે ગ્રીન કમાન્ડો ગ્રૂપ બન્યું છે. આ ગ્રીન કમાન્ડો ગ્રૂપની ક્યાંય નોંધણી નથી, કોઈ સભાસદ નથી, કોઇ સભાસદ ફી નહીં, કોઇ પગાર નહીં, સ્વંય અને સ્વ ખર્ચે અને સ્વૈચ્છાએ જોડાયેલા વ્યક્તિઓ થકી આ ગ્રૂપ ચાલી રહ્યું છે. આ ગ્રૂપ ગામડાંઓને સમૃદ્ધ કરવાના ઉદ્દેશ સાથે આગળ વધી રહ્યું છે. ગામડાઓ સમૃદ્ધ કરવા હોય તો ગામનો પૈસો ગામમાં રહે અને શહેરનો પૈસો પણ ગામમાં આવવો જોઇએ. ખેડૂતોએ પોતાની જે ઊપજ કરી છે એ ઊપજનો પૈસો જો ગામડામાં આવે તો ખેડૂત સદ્ધર થઇ શકે છે. એટલા માટે ખેડૂતોએ પકવેલું અનાજ શહેરના લોકો સુધી કેવી રીતે પહોંચે અને શહેરનો પૈસો ગામમાં કેવી રીતે આવે તેના માટે અમારું ગ્રૂપ પ્રયત્નશીલ છે.તેઓ વધુમાં કહે છે કે, અમે ખેડૂતોની તમામ સમસ્યાઓ દૂર કરવા માટે કામ કરી રહ્યા છીએ. ગ્રીન કમાન્ડો ગ્રૂપના સભ્યો ખેડૂતોના ખેતરે ખતરે જઇને અમે ૭૦૦ ખેડૂતોના ખેતરનું સોઈલ સેમ્પલિંગ કરાવ્યું હતુ. આ સોઈલ ટેસ્ટ બાદ જમીનમાં જે તત્ત્વની ઊણપ હતી એ તત્ત્વો અમે અલગ અલગ જગ્યાઓ પર જેમ કે છત્રાલ, સાણંદ,અંકલેશ્વર પર જઇને લાવ્યા હતા. ત્યારબાદ આ તમામ તત્ત્વો અમે ખેડૂતોના ખેતર સુધી પહોંચાડ્યા હતા. આમ જે તત્ત્વોની ઊણપ હતી એ દૂર થઇ હતી. એટલું જ નહીં, છોડમાં તંદુરસ્તી પણ આવી અને તંદુરસ્તીને કારણે પાક સારો આવ્યો અને મીઠાશ પણ વધી હતી. જમીનમાં ઝીક-આર્યન જેવા તત્તવો ઉમેરવાથી એ તત્ત્વો પણ પાકમાં સહજ રીતે આવે છે અને તે ખોરાક ખાવાથી આપણા શરીરમાં પણ આવે છે. આ સાથો-સાથ અમે પ્રાકૃતિક ખેતી માટે ડીએપી અને યૂરિયાનો વિકલ્પ પણ શોધ્યો છે. ડીએપીનો ઉકેલ શોધવા અમારી ટીમ ઉદેયપુર પહોંચી ગઇ હતી અને ત્યાંથી શ્રેષ્ઠ ટકાવારી હોય તેવો રોક ફોસ્ફેટ લાવ્યા હતા. ત્યારબાદ તેના પર અલગ અલગ રિચર્સ કરીને શ્રેષ્ઠ પ્રોમ પ્લસ ખાતર તૈયાર કર્યું, જે બજારમાં ૮-૧૦ રૂપિયા મળતું પ્રોમ પ્લસ અમે ૩ રૂપિયા કિલોએ એટલે કે પડતર કિંમત પર ખેડૂતોને આપ્યું હતુ. આ અમે એટલા માટે બનાવી શક્યા કે અમારા ટીમના કેપ્ટન વિષ્ણુભાઇ દિનરાત ખેડૂતો માટે મહેનત કરે છે અને દરરોજ ચાર કલાક ખેડૂતો માટે શું ઉપયોગી થઇ શકે તેના પર રિચર્સ પણ કરે છે.

જયદિપભાઇ પટેલ કહે છે કે, જંતુનાશક દવાઓનો સવિશેષ ઉપયોગ શાકભાજીમાં થાય છે, જે માનવજાત માટે હાનિકાર છે. શાકભાજીમાં નાખેલ દવા ૭૨ કલાકમાં માનવ શરીરમાં જાય છે. માનવ શરીરમાં આ ઝેર ન જાય એ માટે ગ્રીન કમાન્ડો ગ્રૂપ દ્વારા વિશેષ કામગીરી કરવામાં આવી છે. ગ્રીન કમાન્ડો ગ્રૂપના સભ્યોએ અલગ અલગ ૪૦ પ્રકારની વનસ્પતિઓ ભેગી કરી. દરેક વનસ્પતિમાં કયા પ્રકારના ઔષધી ગુણો અને વિકાસના ગુણો રહેલા છે તેનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ ઔષધીય ગુણો અને વિકાસના ગુણોનું કોમ્બિનેશન તૈયાર કર્યું. છત્રાલ પાસે ગણેશપુરા ગામની નજીક એક ફેક્ટરીમાં અમે ૧૦ હજાર લિટર જેવી દવા તૈયાર કરાવી. આખા ગુજરાતમાં જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે તેમને આ દર્શપણી અર્ક નિ:શુલ્ક આપીએ છીએ. આ દવા આપતી વખતે અમે ખેડૂતોને એટલું જ કહીએ છીએ દર અઠવાડિયે છંટકાવ કરવો જોઇએ. પ્રાકૃતિક દવાનો નિયમિત છંટકાવ કરવાથી પાકના રોગ પર કંટ્રોલ લાવી શકાય છે.

# પ્રધાનમંત્રીશ્રી, સમગ્ર રાજ્યમાં ચાલતા મનરેગા કૌભાંડની સીબીઆઈ તપાસ કરાવો : અમિત ચાવડા

આજરોજ વિધાનસભા ખાતે પ્રેસ વાર્તામાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું કે, ગુજરાતમાં પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન છે. ડબલ એન્જીન સરકારમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર થઇ ગયો હોય, ખુલ્લેઆમ પ્રજાના પરસેવાના, ટેક્ષના પૈસાની લુંટ ચલાવવામાં આવી રહી છે અને ભ્રષ્ટાચાર કરવાવાળા, લુંટવાવાળા કોઈ બીજા નહી પણ સરકારમાં બેઠેલા નેતાઓ, એમના મળતિયાઓ અને એમના પરિવારના લોકો છે. અત્યાર સુધી વિપક્ષ તરીકે અમે આરોપ મુકતા હતા, ફરિયાદ કરતા હતા કે ચારે તરફ ભ્રષ્ટાચાર ચાલે છે. પણ છેલ્લા થોડાક દિવસોમાં મીડિયામાંથી માહિતી મળે છે તે મુજબ ભરૂચના ભાજપના સાંસદે મીડિયા સમક્ષ કીધું કે ભ્રષ્ટાચાર જે થાય છે એ ગામના તલાટીથી લઈને સરકારના મંત્રી સુધી જો મિલીભગત, આશીર્વાદ ના હોય તો શક્ય નથી, બધાની મીલીભગતથી ભ્રષ્ટાચાર થાય છે. અમરેલી ભાજપના નેતા દિલીપભાઈ સંઘાણી કહે કે આ પોલીસ અને નેતાઓ હપ્તા ઉઘરાવે છે, પોલીસ દ્વારા એમ કહેવામાં આવે કે હપ્તાઓ છેક કમલમ સુધી પહોંચે છે, ભાજપના પાટણના નેતા કે.સી. પટેલ દ્વારા જાહેર ફંકશનમાં કહેવામાં આવ્યું કે પોલીસ લોકો પાસેથી પૈસા પડાવે છે, ભ્રષ્ટાચાર કરે છે. એટલે કે ભાજપના નેતાઓ જ આજે જાહેરમાં બોલી રહ્યા છે, પોલીસ અધિકારીઓ જાહેરમાં કહી રહ્યા છે કે આ હપ્તાઓ ક્યાંકને ક્યાંક કમલમ સુધી, ભાજપના નેતાઓ સુધી પહોંચે છે.

શ્રી અમિત ચાવડાએ જણાવ્યું કે મનરેગાનું કૌભાંડ આખા ગુજરાતમાં ચાલી રહ્યું છે. એ પૈકી પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા તાલુકામાં જે રીતે ૧૦૦ કરોડ કરતા વધારેનો ભ્રષ્ટચાર થયો છે અને તેની તપાસ કરવાની માંગણી કરી હતી એની વધારે હકીકતો, વિગતો મેળવી તો જે પુરાવા મળ્યા છે એ જોતા એટલું ચોક્કસ સરકારને કહેવું છે કે આખા ગુજરાત કે દેશમાં સૌથી ઝડપી રીતે, ઓછા મજુરો સાથે જો કુવા બનાવવા હોય, ચેકડેમ બનાવવા હોય, આર.સી.સી. રોડ બનાવવા હોય, માટી મેટલ રોડ બનાવવા હોય કે બીજા વિકાસના કામો કરાવવા હોય તો જે ટેકનોલોજીનું ગોઠવણ, આયોજન જાંબુઘોડામાં થયું છે એનો અભ્યાસ કરવામાં માટે એક સ્પેશીયલ ટીમ મોકલાવી જોઈએ. કારણ કે જાંબુઘોડા તાલુકાની વાત કરીએ તો ફક્ત ૨૬ ગ્રામ પંચાયતોનો તાલુકો, કુલ વસ્તી ૪૨૦૦૦, વસ્તીના પ્રમાણમાં આખા ગુજરાતમાં નાનામાં નાનો તાલુકો છે. છેલ્લા ચાર વર્ષમાં મનરેગામાં ૩૦૦ કરોડ રૂપિયાના કામો થયા એ ખાલી મનરેગાના જ કામો છે. નાણાપંચ, તાલુકા-જીલ્લા આયોજન, એમ.પી.-એમ.એલ.એ. ગ્રાન્ટ, ટ્રાયબલ ગ્રાન્ટ અને બીજી ફોરેસ્ટની ગ્રાન્ટ આ બધાનો સરવાળો કરીએ તો ૫૦૦ કરોડ કરતા વધારેના કામ આ તાલુકામાં ચાર વર્ષમાં થયા. અને મનરેગામાં જે ૩૦૦ કરોડના કામો થયા એમાં કાયદાની જોગવાઈ મુજબ ૬૦% લેબર કમ્પોનન્ટ હોય અને ૪૦% મટીરીયલ કમ્પોનન્ટ હોય પણ અહી તો કાયદા જેવું કઈ છે નહી, મજુરોને સ્થાનિક રોજગાર આપવાની યોજના ભાજપના લોકોને ફાયદો કરાવવાની યોજના સાબિત થઇ. અને અહિયાં આ તાલુકામાં ચાર વર્ષનો ખર્ચ મટીરીયલમાં ૨૦૦ કરોડ રૂપિયા થયો, એનો હિસાબ જોઈએ તો ૬૦-૪૦ના રેશિયોને બદલે ૨૨% રકમ લેબરને ચુકવવામાં આવી અને ૭૮% રકમ મટીરીયલ સપ્લાય કરવાવાળી એજન્સીને આપવામાં આવી.

# હોમગાર્ડઝમાં અધીકારીની પરીક્ષામાં મોટા પાયે ગેરરીતિ: ભાજપ-આરએસએસ કાર્યકર્તાઓને પ્રાધાન્ય?

પરીક્ષાઓમાં ગેરરીતિ - ગોટાળા ભાજપ સરકારની ઓળખ બની છે ત્યારે વધુ એક ભરતી પ્રક્રિયામાં ગોટાળા અંગે સવાલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવક્તાશ્રી હિરેન બેન્કરે જણાવાયું હતું કે મહેસાણા ખાતે આવેલા સૂંઢિયા ટ્રેનિંગ સેન્ટરમાં છેલ્લા છ દિવસથી કંપની કમાન્ડન્ટ અને ડિવિઝનલ કમાન્ડન્ટની પરીક્ષાનું “બંધ બારણે” આયોજન કરવામાં આવ્યું છે, જેનો આજે છેલ્લો દિવસ છે. આ પરીક્ષાને લઈને અનેક ગેરરીતિના આક્ષેપો સામે આવી રહ્યા છે. આ પરીક્ષા માટે કોઈ સત્તાવાર પરિપત્ર કે જાહેર હુકમ બહાર પાડવામાં આવ્યો નથી. જોકે, ભાજપના કાર્યકર્તાઓ અથવા આરએસએસ સાથે સંકળાયેલા અંગત લોકોને જ આ પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા હોવાનો વિગતો સામે આવી છે.

આ ઉપરાંત, બે મહિના પહેલા પ્લાટૂન કમાન્ડરની પરીક્ષામાં પાસ થયેલા અને જેઓ નિયમો મુજબ ક્રાઈટેરિયામાં નહોતા આવતા, તેવા અધિકારીઓને પણ જિલ્લા કમાન્ડન્ટ અને વડી કચેરીની મિલીભગતથી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવી છે. એવો પણ આક્ષેપ છે કે જે લોકોની પરેડ અને ફરજ માંડ ૨૦% પણ નથી થતી, પરંતુ માત્ર આરએસએસના કાર્યકર્તા હોવાથી તેમને પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા, જે સ્પષ્ટ દર્શાવે છે કે માત્ર મળતિયાઓને જ નિયમ વિરુદ્ધ ભરતી કરવામાં આવી રહી છે.

હોમગાર્ડઝ સભ્યો માટે કડક નિયમો હોવા છતાં, અધિકારીઓ માટે આવા કોઈ નિયમો લાગુ પડતા ન હોવાનું જોવા મળે છે. જેમ કે, કોઈપણ એક પરીક્ષા આપ્યા બાદ એક વર્ષનો ગેપ હોવો જોઈએ, જે અધિકારીઓના નિયમમાં આવતું નથી.

વધુમાં, અમુક અધિકારીઓ એવા પણ છે જેઓ માત્ર હોમગાર્ડ દળમાં રોલ પર નામ ચાલુ રાખે છે. આવા અધિકારીઓ પોતાના યુનિટથી ૨૦૦ કિ.મી. દૂર છેલ્લા ૧૫ વર્ષથી રહે છે અને પરેડ કે ફરજ માટે ક્યારેય આવતા નથી, છતાં પણ તેમને પરીક્ષામાં મોકલવામાં આવ્યા છે. આ પાછળનું કારણ ગુજરાતના જિલ્લા કમાન્ડન્ટોની આરએસએસમાંથી થયેલી નિમણૂક હોવાનું મનાય છે, અને શું આ સમગ્ર પ્રક્રિયા આરએસએસ તથા ભાજપના કાર્યકર્તાઓને અધિકારી રેન્ક સુધી લઈ જવા માટેનું એક મોટું કૌભાંડ છે?.

આ સમગ્ર ઘટના હોમગાર્ડ દળના કમાન્ડન્ટ જનરલશ્રી મનોજ અગ્રવાલની દેખરેખ હેઠળ ચાલી રહી છે. શ્રી મનોજ અગ્રવાલની નિવૃત્તિને માત્ર બે મહિના બાકી છે ત્યારે, શું આ પરીક્ષામાં કોઈ મોટો વહીવટ લેવામાં આવી રહી છે?તેવો પ્રશ્ન પણ ઉઠી રહ્યો છે. સમગ્ર પ્રક્રિયાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગે છે.

# અમેરિકા યાત્રાનો લેખ

અમેરિકા પ્રવાસ જ્યારથી અમેરિકા જવાની ટિકિટ આવી ત્યારથી અમારામાં વિશ્વ વિજેતા સિકંદરનો આત્માએ રીતસરનો વૈદિક અને વૈધિક પ્રવેશ કરી દીધેલ. અમદાવાદ-ગાંધીનગરની હાટડીઓથી સામાન વ્હોર્યો. અમેરિકા જવાની વેળા ઢુંકડી આવતી ગઇ તેમ તેમ અર્જુનની જેમ ગાત્રો શિથિલ થવા માંડ્યા. વિષાદયોગ એ સ્થૂળ દેહમાં ઘેરો ઝાલ્યો . રસ્તા પરના ચિરપરિચિત ખાડા, ભાંભરતી અને પૂંછડી હલાવતી ત્રેતીસ કરોડ દેવતાનો અધિવાસ જેમાં છે એવી ગાયમાતા, રાત્રે બાર વાગ્યે મૈં ચોકીદાર હૂં નો અહેસાસ કરી ઋષિમુનિની જેમ કુંડલિની જાગૃત કરાવવા મથતા શ્વાનદેવો, પ્લાસ્ટિક સામ્રાજ્યનો અનુભવ કરાવતા ઝભલા, કચરો વગેરેનો જેમ આત્મા દેહનો ત્યાગ કરે તેમ ત્યાગ કરવો પડશે એ વિચારે વિષાદયોગ મગજ નામની ખરલમાં ઘૂંટાઇને મહેંદી-હીનાની જેમ ભયંકર ઘાટો થયો. એમ તો અમે ક્યારેક ક્યારેક બાલી, નેપાળ, દુબઇ જેવા દેશોની મુલાકાત લીધી છે. પરંતુ, એ અઠવાડિયા પૂરતી. એ સમયે બહાર જવાના આનંદનો ધોધ મહીં ઘૂઘવતો હતો. આ વપતવેળા ત્રણ માસની. અમે વાવેલ ચંદન નાગરવેલ સહિતના છોડ પણ અમારા પગની ઝાંઝરી બનતા હતા. પળેપળ અમારી કત્લયાત્રા કેન્સલ થાય એમ ઝંખતા હતા. હાય કે દુર્દૈવ . આપણું ઘરવાળી સામે કદી ચાલ્યું નથી તો નિયતિ પાસે એ પણ સ્ત્રીલિંગ થોડું ચાલે ? શેકસપિયરની જેવી ટુ બી ઓર નોટ ટુ બીની ગડમથલ ચાલી નહીં.ગૌતમ બુધ્ધ કે મહાવીર જેવા આપણા કયાં નસીબ હોય કે મધરાતે પત્નીને મુકીને મહાભિનિષ્ક્રમણ કરીએ. જો કે યશોધરાએ કહ્યું હશે કે મશાલ બુઝાવીને જજો કેમ કે ઘાસલેટના ભાવ વધી ગયા છે. દરવાજો બંધ કરીને જજો. ભલે કવિતામાં ડેલીએથી પાછા વળજો શ્યામ, મે તો ઠાલા દીધા છે મારા બારણા જેવી પરિસ્થિતિ નથી. તા. ૨૮.૫.૨૦૨૫ના રોજ અમે સાડા સાતે સાંજે ઘરથી વિમાનપતન અડા (સાલ્લા દાઉદના અડા જેવું લાગે છે ને?) પહોંચ્યા . આપણા મિત્રો કરતા શત્રુ વધારે હોય. એરપોર્ટ પર કોઇ બાબા કહે કે બેગ ઓવરલોડેડ છે તો આપણે ઉપરનીચે જોઇએ. આ તો લઠાઓએ કહ્યું કે ત્રેવીસ કિલો કરતા બેગમા વજન વધારે છે. કાં તો એક બેગ દીઠ એકસો પાંત્રીસ ડોલર ભરો નહીં તો બહાર જઇ બેગનો સામાન આંતરિક તબદીલીથી સરખો કરીને આવો. ઓપરેશન સિંદૂરથી મહિમામંડિત ભારતીય ભૂમિ પર ડોલરાસુરનો પ્રભાવ વધે એ ડોલર વંચિત સનાતની તરીકે મને થોડું શોભે? એટલે મૂંછ નીચી કરી ( હકીકતમાં હું કલિનશેવ રાખીને યુવાન હોવોનો શો ઓફ કરૂં છું! સામાન સરખો કર્યો. એમાં એરપોર્ટના બે નાણાભૂખ્યા સ્ટાફે આઠસો રૂપિયા ગજવે ધરી મદદ કરી. જો કે, વિમાન લગણ બેસવા દરમિયાન બીજી કોઇ પ્રિય કે અપ્રિય ઘટના ન ઘટી . ( પ્રિય ઘટના બનતી જ નથી એટલે તેની આશા વ્યર્થ






છે.)સવારે સિંગર વિમાનવાળા કેટલી નપાવટ કહેવાય . રાતના બાર વાગ્યે વેજિટેરિયન ડીનર પિરસ્યા. આપણા વિમાની કંપનીવાળા ત્યાગની નિભાવવાનું પ્રેકટિકલ જ્ઞાન આપે.અમદાવાદ - સાન ફ્રાન્સિસ્કો વચ્ચેની વીસ કલાકની મુસાફરીમાં આહારદેવી અને ઉંઘદેવી વચ્ચે ફૂટબોલની જેમ અથડાયા. અંતે અમે અથડાતા કુટાતા એસએફઓ નામે ઓળખાતા એરપોર્ટ પર લેન્ડ થયા.ધરતીને જોવા વિશ્વ તરસે છે એ ધરતી ચક્ષુ સ્મશાન તાદ્રશ થઇ. મિત્રોના ઈમિગ્રેશનના અનુભવો ખટમીઠા રહ્યા છે. અમારા નસીબમાં કડવા હશે એની અમને કયાં ખબર હતી?સારા દેખાતા ઓફિસરે યુપીએસસી પરીક્ષા જેવા સવાલો પૂછીને અમીરીમાં રહેલ છાત્રનો ભાવ પુનજાગૃત કર્યો. જો કે અમે અભિમન્યુ કરતા નસીબદાર કે અમે ઈમિગ્રેશનના સાત કોઠા વીંધી નાંખ્યા. જો કે એ વિધિ પછી અમે સામાન લેવા કન્વેયર બેલ્ટ નંબર છ પર ધસ્યા. પહેલેથી જે મુસાફરોની બેગ સ્ટાફે જીવનમરણના ફેરા જેવા બેલ્ટ પરથી ઉતારી લીધી હતી. અમારી છ બેગ પૈકી પાંચ બેગો અમને મળી. એક બેગ કુંભના મેળામાં ખોવાયેલ વ્યક્તિની જેમ મિસિંગ નીકળી.અલબત, કાઉન્ટર ઉપરની વ્યક્તિએ સસ્મિત એક બેગ લોડ કરાઈ નથી. એંસી ડોલરનું વળતર આપવાનો વાયદો કર્યો. જો કે બેગ હજુ આવી નથી અને વળતરનો વાયદો હવામાં છે. અમે એરપોર્ટથી ઘરે આવ્યા તો હાઇ વેના ઝાળા જોઇને સ્તબ્ધ થઇ ગયા. રસ્તાની ડાબી બાજુની પેલી લાઇન ફાસ્ટ ડ્રાઇવ માટેની હોય. જેનો ચાર્જ અલગ હોય. જો તમે એક વતા બે જણ કારમાં હો તો સાદા ચાર્જ ભરો તો પણ ફાસ્ટ ટ્રેનમાં કાર ચલાવી શકો. આપણે ત્યાં ચાર રસ્તે ટ્રાફિક નિયમન સિવાયની તમામ કામગીરી પોલીસબંધુ કરતા હોય છે. અહીં આ ગરીબ દેશને ટ્રાફિક પોલીસના પગાર પરવડતા નહીં હોય એટલે એક પણ જંકશન પર પોલીસ જોયા નહીં. આપણે ત્યાં કારચાલક કારનું બારણું ખોલીને પિચકારીગંગાથી રોડને પવિત્રાણામ પવિત્ર કરવાનું આધ્યાત્મિક કામ અનાસક્ત ભાવે કરતા હોય છે. આવી આલા દરજ્જાની લકઝરી અને ધરાર મેળવેલી આઝાદી જોવા ન મળી તો ના જ મળી. આ આંખ એ ધન્ય ક્ષણોથી વંચિત રહી. શેરીમાં કૂતરા ન જોવા મળે એ કેવી ઋગ્ણતા અને કરૂણતા કહેવાય? ખેર વધુ વિગતો ફરી વાર. ત્યાં સુધી જય વિશ્વગુરૂ. જયહિન્દ! ભરત વૈષ્ણવ ૩૦.૫.૨૦૨૫ ફ્રીમોન્ટ યુએસએ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.